उतिष्ठत जाग्रत प्राप्य वरान्निबोधत

"જાગો, ઉઠો, વિરમો નહિ,
સાધ્યો આશય ના જ્યાં સુધી"

# સમસ્ત શ્રીગૌડ સમાજ, ગુજરાતનું

(રજી.નં. : A / 3352 / Ahmedabad)

## મુખપત્ર

**તંત્રી મંડળ**
ભરત એસ. શુક્લ
ધ્રુવ જે. શુક્લ
દક્ષેશ એસ. પુરોહિત
યોગેશ કે. શુક્લ
પ્રવીણ પુરોહિત

ફેબ્રુઆરી-માર્ચ ૨૦૧૮

श्री महालक्ष्म्यै नमः



श्री महालक्ष्मी प्रसन्नाऽस्तु

**શ્રી મહાલક્ષ્મી તીર્થધામ, શહેરા**

**પ્રમુખશ્રી પ્રિ.ડો. બંસીધર એન. ઉપાધ્યાય**
ઈ-૧૦, આયોજન નગર, શ્રેયસ ક્રોસિંગ પાસે,
પાલડી, અમદાવાદ-૩૮૦ ૦૦૭. મો. ૯૮૨૪૪૦૬૩૮૧


**મંત્રીશ્રી કૌશિક એચ. પાઠક**
૧/૧, ઉદય ફ્લેટ્સ, શાંતિવન પાસે,
પાલડી, અમદાવાદ. મો. ૯૮૨૫૭૮૮૧૮૮

**મંત્રીશ્રી જ્યંત જી. જોષી**
૪૧૫/૨, સેક્ટર-૩બી, ગાંધીનગર.
મો. ૯૬૦૧૯૯૫૫૬૭

**તંત્રીશ્રી**
જીજ્ઞેશ બી. પંડિત
મો. ૯૦૯૯૦૨૯૦૭૯

**સંપાદકશ્રી**
હસિત એચ. પાઠક - મો. ૯૮૨૫૨૭૭૪૪૦
વિપુલભાઈ વી. દવે - મો. ૯૪૨૬૦૪૭૨૪૮

## પ્રમુખશ્રીની હૃદયાંજલિ



અક્ષરધામના અધિપતિશ્રીનાં શ્રીચરણોમાં વહાલથી પોઢેલા પૂ. હરિપ્રસાદ મામા(પૂર્વ પ્રમુખ સમસ્ત શ્રીગૌડ સમાજ, ગુજરાત)ને નત મસ્તકે શ્રદ્ધાંજલિ અર્પતા હૈયું ગદ્‌ગદીત બને છે. ક્યા શબ્દોમાં હૃદયની ઊર્મિઓને આપનાં શ્રવણપટ ઉપર પહોંચાડું? કઈ રીતે શબ્દ પુષ્પો આપને અર્પણ કરું? ભાણાભાઈના નાતે, એક બાળકના નાતે, મિત્ર, વિચારક, શુભચિંતક, વડિલ કે સર્વ રીતે શુભેચ્છાઓ વરસાવી જ્ઞાનપથ પર નિસરણી બની રાહ ચિંધિ, ઊંડી સંવેદનાઓથી પ્રેરણા પિયુષ પાથરનાર આપને કોટિ કોટિ પ્રણામ.

માદરે વતન કોઠંબા (તા. લુણાવાડા)થી શરૂ કરી છેક યોગ.યુનિ.ના કુલપતિ પદે બિરાજમાન થયો ત્યાં સુધી આપ મારી પડખે રહ્યા, પછી તો આપ વધુને વધુ નિકટ રહી માત્ર કુટુંબ, જ્ઞાતિ કે સમાજનું નહિ પણ સર્વ સમસ્ત શ્રીગૌડ સમાજની ધુરા પણ મને સોંપી, અનહદ પ્રેમ અપાર શ્રદ્ધા અને અખૂટ લાગણીથી આપે મને અને મારા જેવા કંઈ કેટલાયના આપ રાહબર બન્યા છો. તા.૦૪-૦૩-૨૦૦૧૮ના રોજ આપની પ્રથમ શ્રદ્ધાંજલિ સભામાં અમે નિહાળ્યું આપનું બહુમુખી પ્રતિભા સંપન્ન રૂપ, માત્ર જ્ઞાતિ નહિ પણ ઈતર અનેક જ્ઞાતિઓ, હિન્દુ, મુસલમાન, વહોરા, શીખ, પઠાણ, ક્રિશ્ચિયન કંઈ કેટલીય જાતિના માનવમાત્રના હિતમાં આપ પડખે રહ્યા છો.



કોઠંબા ગ્રામપંચાયતના સરપંચ અને સભ્યોની હાજરી અને તેના લખાણોમાં આપે તે સમયના કપરાંકાળમાં, ઈરીગેશન, ટેલીફોન, શિક્ષણ, સ્કૂલ, વિજળી, રસ્તાઓ, નાળાં, સ્વચ્છતા, ગટર કંઈ કેટલાં કામ કર્યા - કરાવ્યા. સરપંચ, તાલુકા પંચાયત પ્રમુખના નેતૃત્વથી ગામ અને તાલુકાને રાજ્યના નકશામાં ઝળહળતું કર્યું. વતનને ઉજાગર કરી તાલુકા પંચાયતમાં પણ તે સમયના વિશિષ્ટ મહાનુભાવોને બોલાવી, નવાજી, સન્માની વતન અને તાલુકાને વિશિષ્ટ સેવાઓ અપાવી. સ્વ. મોરારજીભાઈ દેસાઈ, સ્વ. હિતેન્દ્રભાઈ દેસાઈ, સ્વ. બાબુભાઈ જશભાઈ પટેલ, સ્વ. માણેકલાલ ગાંધી, હાલોલ, કાલોલ, ગોધરા, જાંબુઘોડા કે દેવગઢ બારિયા, મોડાસા, સાબરકાંઠા, વિરપુર, કાંકણપુર, અમદાવાદ, વડોદરા, ખંભાત, ઈન્દોર વગેરે સ્થાનોના તે સમયના મહાનુભાવોનો આપના ઉપરનો અપાર પ્રેમ, સ્નેહ, લાગણી વગેરેને કારણે આપના વિકાસના ઉમદા કાર્યોમાં તે સૌ આપની સાથે રહ્યા તેનો હું સાક્ષી છું. કેમ કે કોઠંબા, લુણાવાડા, ખંભાત, અમદાવાદમાં આપની સાથે જ રહ્યો છું.

શિક્ષણક્ષેત્રે આપે આપેલી અભૂતપૂર્વ સેવાઓના બળ થકી જ જ્યારે આર્ટ્સ કૉલેજ ચલાવવાની મુશ્કેલીઓ હતી તેવા સમયે આપે સ્વ. કંચનભાઈ પરીખ (પૂર્વ રજીસ્ટ્રાર ગુજ.યુનિ.) સાહેબ પણ ના પાડતા હતા ત્યારે આપે અને સ્વ. જટાશંકર પંડ્યા સાહેબની સાથે રહી, રેતીમાં નાવ ચલાવી આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ ઊભી

કરી તેના અંતિમ કાળ સુધી મહામંત્રી રહી કૉલેજને પોતાના મકાનમાં ખસેડી આર્ટ્સ, કૉલેજ, સાયન્સ, પી.જી., પીએચ,ડી. સુધીની સવલતો અપાવી એક વટવૃક્ષ બનાવી તાલુકા, જિલ્લામાં, રાજ્યોમાં કોલેજનું અને તેમાં લબ્ધપ્રતિષ્ઠિત સાહિત્યકારો, પ્રિન્સિપાલો, કુલપતિઓ, પ્રાધ્યાપકોનું નામ રોશન કરી આપે ભવ્ય પ્રતિષ્ઠા પ્રાપ્ત કરી. જિલ્લાને અને મધ્ય ગુજરાતને શિક્ષણક્ષેત્રે ભવ્યતા આપવા ભારે જહેમત બાદ આશરે ૬૯ જેટલા પત્રો અને ચાલીસવાર ગાંધીનગર સહિતના વિવિધ સ્થાનોએ પ્રવાસ કરી, મીટિંગો કરી મધ્યગુજરાત યુનિવર્સીટીની માંગણીને સાર્થક કરી ગોવિંદગુરુ યુનિ. ગોધરામાં કાર્યરત થઈ તેમાં માત્ર આપ જ પ્રેરક બળ રહ્યા જેની સરકારશ્રીએ ઉદ્ઘાટન સમારંભમાં નોંધ લઈ આપનું વિશિષ્ટ રીતે બહુમાન કર્યું તેનો હુ સાક્ષી રહ્યો છું.

શિક્ષણના જ્ઞાન માટે જરૂરી પુસ્તકો, વાંચન એ આપનો પ્રિય વિષય હોવાથી પુસ્તકાલય પરિષદ, પુસ્તક મંડળ, પાઠ્ય પુસ્તક મંડળ એ બધામાં આપે છેક સુધી અવિરત સેવાઓ આપી નેતૃત્વ કરી અનેકવિધ મહાનુભાવોની સાથે એ કાર્યમાં અગ્રેસર રહ્યા છો.

બ્રહ્મ સમાજના ઐક્ય માટે આપે જેમ કુટુંબમાં ઐક્યતા, જ્ઞાતિમાં ઐક્યતા રહે તે જ રીતે બ્રહ્મ ઐક્યતા માટે તાલુકા, જિલ્લા, રાજ્યકક્ષાએ આપે આપના જીવનનો મહ્દંશ આપ્યો છે તેનો હું પણ સક્રિય સભ્ય, મંત્રી અને સલાહકાર રહી સાથે હતો. બ્રહ્મઐક્યની વાત આવે તો પછી કુટુંબમાં, સંપ્રદાયના અને સુલેહના સહોભાવી જ્ઞાતિ માટે શું ન કરે ? સમસ્ત શ્રીગૌડ સમાજ, ગુજરાતની સ્થાપનામાં રજીસ્ટ્રેશન અને વર્ષો સુધી સભ્ય, ઉપપ્રમુખ અને અંતે પ્રમુખ રહી આપે શ્રી સમાજની તેના સર્વે મહાનુભાવોની સાથે સમાજને આગળ લાવ્યા છો. આમાં આપને સ્વ. પ્રહલાદરાય, સ્વ. છોટુભાઈ દવે, સ્વ. રણજીતભાઈ શાસ્ત્રી, સ્વ. અજીતભાઈ શાસ્ત્રી, સ્વ. મોહનલાલ જોષી, સ્વ. નંદુભાઈ શુક્લ, સ્વ. રાજેન્દ્રભાઈ દવે, સ્વ. કૃષ્ણવદન શુક્લ, સ્વ. જવાહર પંડ્યાનો અપાર પ્રેમ મળ્યો હતો.

આપે આપના નેતૃત્વની સાથે સમાજના કાર્યકર્તાઓની એક બીજી ટીમ જેમ કે શ્રી વિજયભાઈ પુરોહિત, શ્રી જ્યંતભાઈ પાઠક, શ્રી ભૂપેન્દ્રભઈ શુક્લ, શ્રી કિરણભાઈ મહેતા, શ્રી સુરેશ પાઠક, શ્રી કૌશિક પાઠક, શ્રી ભરતભાઈ ડી. શુક્લ, શ્રી મનોજભાઈ ડી. શુક્લ, શ્રી ભરતભાઈ જે. શુક્લ, ડૉ. જયકુમાર શુક્લ, ડૉ. અનંતભાઈ શુક્લ, શ્રી ગીરીશભાઈ લ. શુક્લ, શ્રી કિરણભાઈ દવે વગેરેને તૈયાર કરી તેઓના પણ પ્રેરક બળ રહી આપની ૯૦ વર્ષની વયે મને આ સમાજની સેવાનો ભાર સોંપી, કારોબારીની મીટિંગ લુણાવાડા ખાતે બોલાવી ભવ્ય ભોજન સાથે ચાંદીની મુદ્રાઓ આપી સૌને નવાજ્યા હતા એજ આપની સમાજમાટેની લાગણી રહી છે.

અંતિમ પળોમાં નિરવ શાંતી અને કોઈપણ ઉન્માદ વગર પ્રભુનું સાંનિધ્ય આપે પ્રાપ્ત કર્યું તે જ બતાવે છે કે આપ કેટલા ઉમદા, ઉદાર, લાગણી સભર, પરોપકારી, કુશળ વહીવટશીલ, સૌના શુભચિંતક રહ્યા છો. સાચે જ પ્રખર બહુમુખી પ્રતિભા સંપન્ન સાચા સત્સંગી રહ્યા છો. સાચે જ રૂચીડળે આપને ઓળખ્યા અને મંદિરોના અને સત્ સંગ સભા કાર્યમાં અગ્રેસર રહ્યા તેવા સાચા સ્વામિનારાયણ પ્રભુના પાર્ષદની તેમના જ ધામમાં રૂડો, સુખિયો આપે પ્રાપ્ત કર્યો. આપને સસ્નેહ કોટિ કોટિ વંદન, જય સ્વામીનારાયણ


**પ્રિ.ડૉ. બંસીધર ઉપાધ્યાય**

પ્રમુખ, સમસ્ત શ્રીગૌડ સમાજ, ગુજરાત

અમદાવાદ

# જીવન ઝરમર

## અ. નિ. હરિપ્રસાદ એમ. જોષી



પૂર્વપ્રમુખ સમસ્ત શ્રીગૌડ સમાજ, ગુજરાત

| | |
|---|---|
| જન્મ તારીખ | : ૦૫-૦૮-૧૯૨૯, વિ.સં. ૧૯૮૫, અષાઢ વદ અમાસ |
| વતન | : કોઠંબા, હાલ નગરપાલિકા કચેરી પાસે, લુણાવાડા-૩૮૯૨૩૦ |
| અભ્યાસ | : મેટ્રીક -૧૯૪૬ |
| વ્યવસાય | : વેપાર ૧૯૬૮ થી ફુલ ટાઈમ સામાજીક સેવા |
| પ્રમુખ | : સરદાર પટેલ એજ્યુકેશન ટ્રસ્ટ (ગ્રામ્ય વિસ્તારમાં હાઈસ્કૂલ)<br>શ્રી કોઠંબા વિદ્યોતેજક મંડળ (વતનમાં હાઈસ્કૂલ)<br>ગ્રામ્ય વિસ્તાર કૉલેજ સંચાલક મંડળ એસોસીએશન (મધ્ય ગુજ., ગુજ.યુનિ.)<br>સમસ્ત શ્રીગૌડસમાજ, ગુજરાત<br>લુણાવાડા તાલુકા સિનીયર સીટીઝન્સ કલબ |
| ઉપપ્રમુખ | : ફેડરેશન ઑફ ગુજરાત સ્ટેટ કોલેજીસ (ગ્રાન્ટેડ) મેનેજમેન્ટ એસોસિએશન |
| અધ્યક્ષ | : મહીસાગર જિલ્લા મા.શાળા સંચાલક મંડળ, પંચમહાલ |
| ડાયરેકટર | : ગુજરાત પુસ્તકાલય સહાયક સહકારી મંડળી લી.<br>ગુજરાત પુસ્તકાલય મંડળ<br>ગુજરાત ઈતિહાસ પરિષદ<br>કારોબારી સભ્ય, ગુજ.રા.શાળા સં.મં. |
| મહામંત્રી | : શ્રી લુણાવાડા આર્ટ્સ સાયન્સ અને કોમર્સ કૉલેજ સંચાલક મંડળ(સને ૧૯૬૬)થી<br>અન્નપૂર્ણા સેવા ટ્રસ્ટ, લુણાવાડા<br>શ્રી મનોહરનાથજી અખાડા ટ્રસ્ટ, લુણાવાડા<br>શ્રી સ્વામિનારાયણ મંદિર, લુણાવાડા |
| પૂર્વ પ્રમુખ | : લુણાવાડા પંચાયત (સને ૬૩ થી ૬૮)<br>લુણાવાડા તાલુકા પંચાયત (સને ૬૮ થી ૭૪)<br>લુણાવાડા તાલુકા કર્મચારી જમીન વિકાસ બેંક<br>જમીન વિકાસ બેંક, લુણાવાડા બાન્ચ |
| પૂર્વ સરપંચ | : કોઠંબા ગ્રામ પંચાયત (સને ૫૫ થી ૬૮) |
| પૂર્વ ઉપપ્રમુખ | : ગુજરાત રાજ્ય શાળા સંચાલક મહામંડળ<br>સમસ્ત ગુજરાત બ્રહ્મ સમાજ<br>પંચમહાલ ડેવલપમેન્ટ કો.ઓ.સો.લી.<br>પૂર્વ ઓનરરી મેજીસ્ટ્રેટ |

ખાસ નોંધ : સૌના પ્રેમથી સમસ્ત શ્રીગૌડ સમાજનું પ્રમુખપદ સ્વીકાર્યું ત્યારે ત્રણ સંકલ્પો હતાં એક હજાર આજીવન સભ્યો, મુખપત્ર 'જાગૃતિ'નું નિયમિત પ્રકાશન જે બન્ને થઈ શક્યું. ત્રીજો સંકલ્પ : સમાજનું પોતાનું કાર્યાલય, ભંડોળ કરી શકાયું પરંતુ અગમ્ય કારણોસર ફ્લેટ ન થઈ શકાયો તેનું ભારે દુ:ખ છે.

# શ્રદ્ધાંજલિ

મહાનગુણો જન્મજાત હોય છે તે મહેનત કરીને મેળવી શકાતા નથી. ગુણો અને દુર્ગુણોના સરવાળામાંથી સ્વભાવ બનતો હોય છે. કોઈને ક્યા પ્રકારના ગુણો મળ્યા છે તે મહત્ત્વની વસ્તુ છે. માનો કે કોઈ ઉદાર તો છે પણ સાહસી નથી, તો કોઈ સાહસી તો છે પણ દયાળુ નથી. બધા સદ્‌ગુણો એક જ જગ્યાએ ભેગા થવા અત્યંત દુર્લભ હોય છે. પણ જેનામાં વધુમાં વધુ સદ્‌ગુણો ભેગા થયા હોય તે વધુ ઉત્તમ મહાપુરુષ બનતા હોય છે. આવા જ એક આપણા સમાજના મહાપુરુષ શ્રી હરિપ્રસાદ કાકાનું દુઃખદ અવસાન તા. ૨૫-૦૨-૨૦૧૮ના રોજ લુણાવાડા મુકામે થયેલ છે. તેમની નમ્રતા, નિઃસ્વાર્થ પણુ અને સ્ફટિક જેવી પારદર્શક પ્રમાણિકતા તે તેમના વ્યક્તિત્વની છબી હતી.

આપણા સમાજમાં કેટલાક ભાગ્યશાળી લોકો છે જેમણે હરિપ્રસાદ કાકાના ઉપરોક્ત ગુણો તો અનુભવ કર્યો હોય તેમનો એક હું છું. ફક્ત ૩૫ વર્ષની વયે તેમણે મારા પર વિશ્વાસ મૂકીને મને ભૂતપૂર્વ મંત્રીશ્રી કૃષ્ણવદનભાઈના અવસાન પછી સમસ્ત શ્રીગૌડ સમાજ ગુજરાતમાં મંત્રી તરીકે નિમણુંક કરી. તેમના માર્ગદર્શન અને દઢ ઈચ્છાશક્તિ એમનો મને પરિચય થયો. તેમની સમાજ પ્રત્યેની લાગણીઓ અને કંઈક કરી છૂટવાની ઈચ્છાઓ પ્રબળ હતી. તેમની ઈચ્છા સમાજ માટે એક ભવન અમદાવાદ ખાતે બનાવવાની હતી તે માટે તેમણે અથાગ પ્રયત્નો કર્યા અને ભંડોળ પણ ભેગુ કર્યું પરંતુ તેમનું તે સ્વપ્ન અપૂરતા ભંડોળને લીધે સાકાર થઈ શક્યું નથી.

પૂ. હરિકાકાની ઈચ્છા જ્ઞાતિને ખૂબ જ ઉંચાઈએ લઈ જવાની હતી. તેમની તબિયત છેલ્લા ઘણા વખતથી નાદુરસ્ત રહેતી હતી. પીઠના દુઃખાવાની તકલીફ વર્ષોથી ચાલતી હતી છતાં પણ સમાજના દરેક કાર્યોમાં તેમની હાજરી અવશ્ય રહેતી હતી. પ્રમુખપદેથી રીટાયર થયા પછી પણ તેમની સમાજના કાર્યોમાં દિલચપ્શી તથા જરૂર પડે ત્યારે હંમેશા માર્ગદર્શન આપતા હતા. સમાજનો છેલ્લો કાર્યક્રમ અમદાવાદ ખાતે વડીલ વંદના તથા ચંદ્રક વિતરણ કાર્યક્રમમાં પણ તેઓ તેમની તબિયત સારી ન હોવા છતાં છેક લુણાવાડાથી અમદાવાદ કાર્યક્રમમાં હાજર રહ્યા હતા.

સમાજને જ્યારે જરૂર હોય ત્યારે નાની મોટી આર્થિક મદદ કરતા તથા લોકો પાસેથી કરાવતા હતા.

મારા અનુભવ પ્રમાણે જ્યારે તેમણે પ્રમુખપદ છોડવાનું નક્કી કર્યું ત્યારે તેની દાવેદારી માટે બે નામ આગળ આવ્યા હતા. શ્રી અનિલભાઈ દવે તથા શ્રી બંસીધરભાઈ ઉપાધ્યાય. શ્રી બંસીધરભાઈ ઉપાધ્યાય તેમના સગા ભાણા થતા હતા પરંતુ સમાજના હિત માટે તથા ચૂંટણી ટાળવા માટે તેમણે મારી ઑફિસમાં રાત્રીના ૧૧.૦૦ કલાકે સુધી બંને દાવેદારો જોડે વાત કરી એક સમાધાન કારી ફોર્મ્યુલા બનાવી અને બંને જણને મનાવી લીધા હતા. અને તેમણે શ્રી અનિલભાઈ દવેને પ્રમુખ બનાવડાયા હતા અને અત્યારના પ્રમુખ શ્રી બંસીધરભાઈને ઉપપ્રમુખ બનવા માટે સમજાવી દીધા હતા. આ તેમની દીર્ઘદૃષ્ટિ તથા સમાજના હિત માટે કૌટુંબિક ભોગ આપવાની નિષ્ઠા દર્શાવે છે.

એક વાત નિખાલસ પણે સ્વિકારીશ કે તેમની સાથેના કાર્યકાળમાં ઘણી વખત મારે તેમની સાથે વિચારભેદ સર્જાતો હતો. તેમનો લોકો પરનો આંધળો વિશ્વાસ સામે હું વાંધો લેતો હતો. પરંતુ જનરેશન ગેપ ના કારણે અથવા તો તેમની વિચારધારાને કારણે તેઓ તેમનો સ્વભાવ છોડી ન શક્યા અને તેને કારણે સમાજમાં તેમની

ઉપર ઘણા આક્ષેપો થયા હતા અને તેના બચાવમાં મંત્રી તરીકે મારે ભાગે પણ સહન કરવાનું આવ્યુ હતું. પરંતુ એ વાતનો મને આનંદ છે કે તેમણે ૨૦૧૬માં એક મુલાકાત વખતે કહ્યું હતુ કે કૌશિકભાઈ તમારી વાત સાચી હતી, મારા અતિવિશ્વાસનો લોકોએ લાભ લીધો હતો તેવુ મને સમજાય છે.

અંતમાં તેમના અવસાનથી સમાજને એક નપૂરાય તેવી ખોટ પડેલ છે. પરંતુ જેમ સારા માણસોની જરૂર અહિંયા છે તેમ કદાચ પ્રભુને પણ હશે તેથી પ્રભુએ તેમને તેમની પાસે બોલાવી લીધા છે, તેમના અવસાન થી તેમના કુટુંબીજનો પર આવી પડેલ દુઃખની ઘડીમાં સમગ્ર સમાજ તેમની પડખે છે તથા તેમને દુઃખ સહન કરવાની શક્તિ આપે તેવી પ્રભુને પ્રાર્થના.

અંતમાં સમાજના પ્રમુખ બન્યા ત્યારે તેમના હતા સંકલ્પ લીધેલા જે નીચે મુજબ છે :

૧) સમાજના આઝીવન સભ્ય સંખ્યા ૧૦૦૦ પર લઈ જવી જે આજની તારીખે ૧૩૦૦ ઉપર છે.

૨) સમાજના મુખપત્ર શ્રીગૌડ જાગૃતિનું નિયમિત પ્રકાશન કરવું.

૩) સમાજને આર્થિક રીતે પગભર કરીને સમાજભવનનું નિર્માણ કરવું.

મારી સૌ જ્ઞાતિજનોને નમ્ર વિનંતી કે સ્વ. હરિપ્રસાદ કાકાએ સમાજ માટે કરેલ સેવા તથા સમર્પણનું ઋણ ચૂકવવું હોય તો તેમના હાથે લીધેલા સંકલ્પો પરિપૂર્ણ કરીને તેમને સાચી શ્રદ્ધાંજલિ આપવી જોઈએ.

પ્રતમ બે સંકલ્પ પૂરા પડેલ છે, આવો સૌ જ્ઞાતિજનો તેમના ત્રીજા સંકલ્પને આપણે સંકલ્પ બનાવીને સમાજને આર્થિક રીતે પગભર બનાવીને સમાજ ભવનનું નિર્માણ કરીને તેમને ખરા અર્થમાં શ્રદ્ધાંજલિ પાઠવીએ.

● મંત્રીશ્રી, કૌશિક પાઠક

---

## સ્મરણાંજલિ

પૂજ્ય હરિપ્રસાદ કાકા સાથે મારે ખૂબજ અલ્પ પરિચય; પરંતુ તેમનામાં છૂપાયેલ પરિપક્વતા દૂરંદેશી અને મુત્સદ્દીગિરી સાથે પ્રશ્નોનો તલસ્પર્શી અભ્યાસ અને મેઘાવી શક્તિ થી હું ખૂબજ પ્રભાવિત થયો. લગભગ ૩ વર્ષ પહેલાં, તેઓએ સમાજના પ્રમુખ પદેથી (વયમર્યાદા લક્ષમાં રાખી) ખસી જતાં ઉત્પન્ન થયેલ અવકાશ માટે નવા પ્રમુખશ્રીની વરણી બાબતે ચર્ચા-વિચારણા દરમ્યાન ઉપરોક્ત તમામ શક્તિઓનો અનુભવ થયો. સ્વર્ગસ્થ માણસ પારખું હતા. અને આ દરમ્યાન મારા દ્વારા થયેલ પ્રયત્નોની સરાહના પણ કરી હતી. અમારા પરિચયના મધ્યસ્થિ હતા.. મારા ખાસ સ્નેહી મિત્ર સ્વ. રાજેન્દ્રભાઈ દવે..

સ્વર્ગસ્થ કાકા વર્ષ ૨૦૦૨ થી શ્રીગૌડ સમાજના પ્રમુખ તરીકે સેવા આપતા હતા અને તેમના સેવાકાળ દરમ્યાન થયેલ વિવિધ અનુભવો થી નિષ્કર્ષ પર આવ્યા કે-શ્રીગૌડ સમાજના ઉત્થાન માટે પ્રવર્તમાન પરિસ્થિતિ ને લક્ષમાં લેતાં સમાજનું બંધારણ બદલવું અનિવાર્ય છે, પરિણામે બંધારણ કમિટીની રચના કરાઈ જેમાં તેઓ પણ સલાહકાર તરીકે વરિષ્ઠ સભ્ય હતા.

પૂજ્ય કાકા પોતાના જીવનકાળ દરમ્યાન સમાજ ના વિવિધ ક્ષેત્રોમાં ખૂબજ સક્રિય રહ્યા અને એક અવિસ્મરણિય છાપ કંડારી ગયા- તેમનું યોગદાન-રાજકિય સામાજીક, ધાર્મિક કે શૈક્ષણિક-આમ તમામ ક્ષેત્રોમાં દીર્ઘકાલિન સ્મૃતિતટ પર અંકિત રહેશે.

"જીંદગી જીંદાદિલ નું નામ છે" ઉક્તિ પોતાના જીવનમાં તાદાત્મ્ય એવમ સાર્થક કરનાર શ્રી સમાજના મોભી એવા પૂજ્ય હરિપ્રસાદ કાકાને સાદર સ્મરણાંજલિ..

**કુમુદચંદ્ર દવે**

ઉપ-પ્રમુખ, સમસ્ત શ્રીગૌડ સમાજ, ગુજરાત



### સ્વ. હરિપ્રસાદ મગનલાલ જોશીને શ્રદ્ધાંજલિ

જન્મ તારીખ : ૦૫-૦૮-૧૯૨૯, અવસાન : ૨૫-૦૨-૨૦૧૮

(છંદ : ખંડ શિખરિણી)

ખર્યો તે સિતારો,
સુતેજસ્વી તારો શ્રીજી ચરણમાં જૈ વિરમિયો, અમરપદ પામી જીતી ગયો (૧)
સને ઓગંત્રીસે
જનમ્યા કોઠંબે હરિપ્રસાદ જોશી બ્રહ્મ કુલે, જનક જનની હર્ષથી ખીલે. (૨)
મળ્યા જે સંસ્કારો
અને શિક્ષણ સાચું ગ્રહણ કરીને જીવન ખીલ્યું, બહુજન હિતાય ખરચિયું. (૩)
હતો તે મેધાવી,
વળી સેવા ભાવી, પ્રખર શ્રમ અંતે વિરમિયો, જીવનભર સેવારત રહ્યો (૪)
હતી તેના ઉરે
અમારી જ્ઞાતિની પ્રગતિ તણી આશા ધબકતી, નવીનતમ યુક્તિ ઝબકતી (૫)
શ્રીગૌડ જ્ઞાતિનું
સમસ્ત બ્રહ્મોનું પ્રતિક જીવતું, જોશી કુળનો જળહળ થતો દીપક હતો (૬)
લુણાવાડા ક્ષેત્રે,
સમાજે રાજ્યને યુવક યુવતી શિક્ષણ વિશે અવિરત સુખ્યાતિ તિપમરશે (૭)
પરિવારે પુત્રો
અને પ્યારી પુત્રી, કુસુમસમ પત્ની, પ્રિય સખી ક્ષણ મહીં જ માયા ત્યજી દીધી (૮)
શુશ્રૂષામાં શૂરો,
હતો સાચો હીરો નવ પરખિયો પામર જને, રુદન કરતાં ના પરવડે (૯)
અધૂરાં કાર્યો ને
અધૂરી ઈચ્છાઓ પૂરણ કરવા નિશ્ચય કરો, હૃદય થકી શ્રદ્ધાંજલિ ધરો (૧૦)

● વિજય પુરોહિત, નવાવાડજ, અમદાવાદ

પૂર્વ ઉપપ્રમુખ, સમસ્ત શ્રીગૌડ સમાજ, ગુજરાત, મો. ૮૭૮૦૬૬૦૯૩૯, ફોન : ૦૭૯-૨૭૬૨૨૯૪૬

---

## શ્રદ્ધાંજલિ

સ્વ. હરિપ્રસાદભાઈ જેમને અમે બધા નામને બદલે 'પ્રમુખશ્રી' ના હુલામણા નામે બોલાવીએ છીએ અથવા ઓળખીએ છીએ. તેમની સાથે કામ કરવામાં ક્યારેય કંટાળો ન આવે કેમ કે તેમની સમાજ પ્રત્યેની ભાવના અને કંઈક કરી છૂટવાની મહેચ્છાથી તેઓ સમાજની મીટિંગ માટે કોઈપણ સ્થળ અને સમય પર હાજર થઈ જતા.

અમદાવાદમાં મીટિંગ હોય અને મે માસનો ખરો તાપ હોય તો પણ લુણાવાડાથી તેઓ બસમાં આવી સમયસર હાજર થઈ જતા. આ થઈ તેમની સમાજ પ્રત્યેની કર્તવ્યનિષ્ઠા.

સમાજની સમસ્યાઓ પ્રત્યે તેઓ ખૂબ જ સભાન હતા આથી દરેક મીટિંગમાં તેઓ સમાજભવન માટેની ચર્ચાને પ્રાધાન્ય આપતા. તેમના આ અભિગમને કારણે સમાજ માટે સામાન્ય સભ્યોનો દૃષ્ટીકોણ પણ બદલાઈ રહ્યો હતો. તેઓ દરેક માટે શુભચિંતા અને સાચા માર્ગદર્શક હતા.

સુરેશ એમ. પાઠક
પૂર્વ કા.સભ્ય અને સહમંત્રી (સ.શ્રી.સ.ગુજ.)

# શ્રીગૌડ અભ્યુદય કેળવણી ટ્રસ્ટ, વડોદરાનો અહેવાલ

આદરણીય વડીલો, બાળકો.

૧૯૫૯માં સ્થાપના કરવામાં આવેલ શ્રીગૌડ અભ્યુદય કેળવણી ટ્રસ્ટ દ્વારા તા.૨૫-૦૨-૨૦૧૮ના રોજ શ્રીગૌડ બ્રાહ્મણ જ્ઞાતિનો સ્નેહમિલન સમારંભ પ્રેમાનંદ સાહિત્ય ભવન, દાંડીયા બજાર, વડોદરા ખાતે યોજાઈ ગયો.

સવારના આશરે ૯.૦૦ કલાકે ગરમાગરમ સ્વાદિષ્ટ નાસ્તા અને ચા-કૉફીથી સૌનું સ્વાગત કરવામાં આવ્યુ હતું.

બરાબર સવારે ૧૦.૦૦ના ટકોરે શ્રી બ્રીજપાઠક દ્વારા પ્રાર્થના સ્તુતિગાન કરવા બહેનોને આહ્વાહન આપ્યું અને બહેનો દ્વારા મધુરકંઠે પ્રાર્થના સ્તુતિ કરવામાં આવી હતી.

ત્યારબાદ આમંત્રિત મહાનુભાવો સાથે પ્રમુખશ્રી પ્રિ.ડૉ.બંસીધર ઉપાધ્યાય, શ્રી રજનીભાઈ એમ. જોશી(પ્રમુખશ્રી), શ્રી મહેશચંદ્ર પી. પંડ્યા, મેનેજિંગ ટ્રસ્ટી તેમજ અન્ય દ્વારા દિપ પ્રાગટ્ય કરવામાં આવ્યુ હતું.

દિપ પ્રાગટ્ય બાદ સમારંભના પ્રમુખ પ્રિ.ડૉ. બંસીધર એન. ઉપાધ્યાય, અતિથિ વિશેષ એવા શ્રી ધ્રુવકુમાર જયશંકર જોષી અને શ્રી. અતુલભાઈ પંડ્યાને અન્ય મહાનુભાવોએ પોતાના સ્થાન ગ્રહણ કર્યા હતા.

શ્રી રજનીભાઈ એમ. જોષી દ્વારા સ્વાગત પ્રવચન અને મહાનુભાવોનો પરિચયવિધિ કરવામાં આવી હતી.

સૌ પ્રથમ શ્રી બંકિમભાઈ દ્વારા વંદનીય પ્રિ.ડૉ.બંસીધર એન. ઉપાધ્યાયનો પરિચય આપવામાં આવ્યો. સાગરભાઈ દ્વારા અતિથિ વિશેષ શ્રી ધ્રુવભાઈ જોષી અને ધવલભાઈ પુરાણી દ્વારા અન્ય અતિથિ વિશેષ શ્રી અતુલભાઈ પંડ્યાનો પરિચય આપવામાં આવ્યો હતો.

શ્રી હરિશભાઈ આર. પંડ્યા અને શ્રી મહેન્દ્રભાઈ પંડ્યા દ્વારા અભ્યુદય કેળવણી ટ્રસ્ટની માહિતી સંચાલનનો રસપ્રદ અહેવાલ રજૂ કરવામાં આવ્યો હતો.

સૌ પ્રથમ અતિથિ વિશેષ એવા શ્રી ધ્રુવભાઈ જોષીએ સુંદર પ્રાસંગિક પ્રવચન સાથે જૂની યાદો તાજી કરાવી હતીને સમાજને જ્યાં પણ જરૂર હોય ત્યાં સાથે રહેવાની ખાતરી આપી હતી. આ સાથે તેમનું નવું સાહસ મયૂરી પ્રકાશનની માહિતી આપી હતી. કોઈપણ કવિ, લેખક કે અન્ય કોઈપણ જ્ઞાતિબંધુઓને કોઈપણ સાહિત્યનું પ્રકાશન કરવું હોય તો તે એકદમ, વ્યાજબીભાવોથી પ્રકાશન કરી આપશે તેની અમૂલ્ય બાંહેધરી આપી હતી સાથે ઉગતા, કવિ, લેખકોને પણ પ્રોત્સાહનની વાત કરી હતી.

શ્રી અતુલભાઈ પંડ્યાએ પણ તેમની આગવી શૈલીમાં સરસ સમાજ ઉપયોગી માહિતી અને પ્રસંગોપાત તેમની દ્વારા જરૂરિયાતમાંથી લોકોને કેવી રીતે મદદરૂપ થાય તેની રૂપરેખા રજૂ કરી હતી.

અંતમાં સમસ્ત શ્રીગૌડ સમાજ, ગુજરાતના પ્રમુખ ઉચ્ચ વિચારવાળા અને સૌના સાથ સહકારના આગ્રહી અને સૌને સાથે રાખીને સમાજને ઉચ્ચ શિખરે લજવાને તત્પર એવા પ્રિ.ડૉ.બંસીધર એન. ઉપાધ્યાયએ સંસ્કૃતભાષામાં પોતાનો આગવો પરિચય આપ્યો હતો.

પ્રસંગની શરૂઆત સાથે જ વંદનીય ભૂતપૂર્વ પ્રમુખ શ્રી હરિપ્રસાદભાઈ જોષી (લુણાવાડા)નાં દુઃખદ અવસાનના સમાચાર મળ્યા હતા તેને અનુલક્ષીને નતમસ્તકે બે મિનિટના મૌન દ્વારા શ્રદ્ધાંજલી અર્પિત કરી હતી. ત્યારબાદ અસ્ખલિત મંત્રમુગ્ધ વાણીથી સુવિચારોથી સમસ્ત શ્રીગૌડ સમાજના વિવિધ ઘટકોને એક સાથે લઈને ચાલવાનું મજબૂત કરવાનું આહ્વાહન કર્યું હતું. તે સમાજ સેવાની તેમની જ્યાં પણ જરૂર હોય તે સૌથી સાથે જ છે. સાથે સાથે સમાજના નબળા વર્ગને સુયોગ્ય શિક્ષણ કેળવણી, તથા આરોગ્ય ઉપચારમાં સહાયભૂત થવા માટે વિશિષ્ટ અલગ ફંડ એકત્રિત કરવાનો નવીન વિચાર રજૂ કર્યો હતો.

સમૂહ લગ્ન, સમૂહ જનોઈ જેવા કાર્યક્રમ પ્રસંગો જે હજુ અલગ અલગ થઈ રહ્યા છે તેના બદલે તમામ એકજૂથ

ભેગા થઈને વિશાળ આયોજન કરવામાં આવે તે સમાજ વધુ સંગઠિત થાય મજબૂત થાય તેવી પ્રેરણા આપી હતી.

અભ્યુદય કેળવણી ટ્રસ્ટ દ્વારા સુવર્ણજયંતિ નિમિત્તે માહિતીસભર પુસ્તિકાનું વિમોચન કરવામાં આવ્યું હતું. આ સાથે આ પ્રસંગે આમંત્રિત મહાનુભાવો જેવા કે વડોદરાથી શ્રી ભગવતી પ્રસાદ, અમદાવાદથી કૌશિકભાઈ પાઠક, કિરણભાઈ દવે, ગાંધીનગરથી શ્રી જયંતિભાઈ જોષી, કાલોલથી શ્રી હરિશભાઈ અને શ્રી રમેશભાઈ ગોધરાથી શ્રી બિહારીભાઈ, સાલવીથી શ્રી ભાનુભાઈ પંડ્યા, શહેરાથી શ્રી જિગ્નેશભાઈ પાઠક વગેરે તમામ ઘટકોના હોદ્દેદારો હાજર રહ્યા હતા તે તમામનું અભ્યુદય કેળવણી ટ્રસ્ટ દ્વારા માતાજીની મનોહર ફોટોફ્રેમ, માળા અને પુસ્તિકા ભેટ આપવામાં આવી હતી.

શહેરાથી શ્રી જિગ્નેશભાઈએ મહાલક્ષ્મીધામ શહેરાની માહિતી આપી હતી અને ભક્તો આ મંદિરને શોધતા શોધતા આવી રહ્યા છે તેની વિગત આપી હતી. અને વર્ષમાં એકવારમાં મહાલક્ષ્મીની દર્શન કરવાનું નિમંત્રણ આપ્યું હતું. અભ્યુદય કેળવણી ટ્રસ્ટના ટ્રસ્ટીને અન્ય હોદ્દેદારોને માં મહાલક્ષ્મીની મનોહોર ફોટોફ્રેમ ભેટ રૂપે આપી હતી.

અંતમાં રાષ્ટ્રગીત સાથે કાર્યક્રમની પૂર્ણાહુતિ થઈ હતી ત્યારબાદ સ્વાદિષ્ટ ભોજનની મિજબાની સાથે સૌ હસતા મુખે છૂટા પડ્યા હતા.

ખાસ નોંધ : પ્રસંગની શરૂઆત સાથે જ ભૂતપૂર્વ પ્રમુખના દુઃખદ અવસાનના સમાચાર મળવ્યા હતા છતાં પણ આ સમારંભના પ્રમુખ એવા સમસ્ત શ્રીગૌડ સમાજના વર્તમાન પ્રમુખ પ્રિ.ડૉ.બંસીધર ઉપાધ્યાય કે જેમના સગા મામા હોવા છતાં જરા પણ વિચલિત થયા વગર કાર્યક્રમની પૂર્ણાહુતિ સાથે સ્વસ્થતા જાળવી રાખી હતી અને કાર્યક્રમની શાનમાં કોઈ ખલેલ ન પડે તેની અવિસ્મરણીય કાળજી લીધી હતી અને ત્યાંથી સીધા પ્રિ.ડૉ.બંસીધર ઉપાધ્યાય, શ્રી જયંતભાઈ જોષી, શ્રી કૌશિકભાઈ, શ્રી કિરણભાઈ દવે, શ્રી વિપુલભાઈ દવે તેમની અંતિમવિધિ કાર્યક્રમમાં પહોંચી તેઓને શ્રદ્ધાંજલી અર્પણ કરી જેમાં શ્રી જનકભાઈ, શ્રી મહેશભાઈ વગેરે પણ હાજર રહ્યા હતા.

અહેવાલ : શ્રી વિપુલભાઈ દવે, શ્રી હરિશચંદ્ર પંડ્યા





**સારા માઠા પ્રસંગે જાગૃતિને દાન, જાહેરાત આપી-અપાવી પગભર કરશો.**


## લાગણી સભર અપીલ...

**દાન આપો દિલથી, દાતા બનો ભાવથી...**

**એકાઉન્ટ નામ :** સમસ્ત શ્રીગૌડ સમાજ ગુજરાત
**બેંક :** સ્ટેટ બેંક ઑફ ઈન્ડિયા, **બ્રાન્ચ :** દાણાપીઠ બ્રાન્ચ (૦૧૬૯૮)
**એકાઉન્ટ નંબર :** 30121839092
IFS Code : SBIN0001698

# શ્રીગૌડ ઐક્યતા સ્નેહમિલન સંમેલન માટેના સૂચનો મારી નજરે

આજના પ્રસંગે પધારેલ અધ્યક્ષશ્રી તથા અતિથી વિશેષ તરીકે પધારેલ શ્રી જોષી સાહેબ તથા પંડ્યા સાહેબ તથા સંમેલનમાં પધારેલ સૌ જ્ઞાતિ બંધુઓ, બહેનો નામી અનામી વગેરેને મારા શુભ આશીષ.

આપણો શ્રીગૌડ સમાજ ગુજરાતના દરેક ખૂણામાં વસેલો છે. અને તેમાં ભૂતકાળથી ચાલતા આવેલા વાડાઓ થી ભરપુર છે અને તે વાડાઓ જેવા કે નવા શ્રીગૌડ, જુના શ્રીગૌડ, કાશ્મીરીયા, ધોળકીયા, જેવા નામથી જાણીતા છે જે હવે અત્યારના સમયે બધાએ એક થઈ પુરાણા વિચારોને બાજુમાં મૂકી અને અત્યારના સમયને ઓળખી એક થઈ જવાની જરૂર છે. અને એક થઈશું તો જ આપણે પ્રગતિ સાધી શકીશું. તેમજ આપણને કોઈ હટાવી નહિ શકે. બીજા સમાજ કરતાં આપણો સમાજ એક થશે તો આપણને તમામ પ્રકારની સગવડો અને રાહતો મેળવવામાં કોઈ જ મુશ્કેલી નહિ પડે.

૧. જુદા જુદા ચોકાથી એકતાની ભાવના જળવાતી નથી તેના બદલે અમે શ્રીગૌડ બ્રાહ્મણ છીએ તે ભાવના ઉભી કરવી જોઈએ.

૨. નોકરી ધંધામાં પણ આપણા બ્રહ્મસમાજે સમજી લેવાનું કે મારો બ્રાહ્મણ છે. તેને પૂરેપૂરી શક્ય તેટલી મદદ કરવી એ આપણી ફરજ છે. તમે જુઓ છો કે બીજી જ્ઞાતિ વાળા તેમના માણસોને મદદ કરે છે અને ઠેકાણે પાડે છે. તો આપણે પણ આપણા બાળકોને યા જ્ઞાતિબંધુને મદદ કરી આગળ લાવવા શીખવાની જરૂર છે.

૩. જ્ઞાતિના રીત રિવાજોમાં આટલી મોંઘવારીમાં જેમ બને તેમ ટૂંકા ખર્ચા કરવા માટે એકસૂત્રતા જળવાય તેમ નિયમો નક્કી કરવાની જરૂર છે. દા.ત. સમૂહ લગ્નોનું આયોજન થાય તે બહુ મહત્ત્વનું છે.

૪. મારૂ એક સૂચન છે કે આપણા શ્રીગૌડ બ્રહ્મસમાજ પૂરતું રાજ્ય લેવલે બે વિભાગ પાડવાની જરૂર છે. (૧) વડોદરા વિભાગ અને (૨) અમદાવાદ વિભાગ. જેથી સમાજને લાંબા અંતરે જવા આવવાનો સમય બચે.

૫. બાળકો માટે શિક્ષણમાં ધો.૧૦ અને ધો.૧૨ તેમજ કૉલેજમાં છેલ્લા વર્ષમાં સારા ગુણાંક લાવે તેવા ૧ થી ૧૦ છોકરા-છોકરીને 'પ્રમાણપત્ર' આપવું જેથી તે ઉત્સાહી બનશે અને આ ક્રિયા દરવર્ષે કરવી હિતાવહ છે.

૬. આપણા સમાજમાં જેમણે ૭૫ વર્ષ પૂરાં કર્યા હોય તેમનું સન્માન 'પ્રમાણપત્ર' થી કરવું જોઈએ.

૭. આપણા સમાજનો બ્રાહ્મણ દેશ વિદેશમાં સેવા આપતો હોય અને સારી પોસ્ટ ઉપર હોય તેને 'અભિવાદન પત્ર' આપવું જોઈએ.

૮. રાજ્ય લેવલે કે દેશ લેવલે ઉચ્ચ હોદ્દો મેળવી ફરજ બજાવનારને 'અભિવાદન પત્ર' આપવું જોઈએ.

૯. લગ્ન જીવનમાં બંને વ્યક્તિ જોડાએ ૬૦ વર્ષ પૂરાં કરેલ હોય તેમને પણ 'અભિવાદન પત્ર' આપવું જોઈએ.

૧૦. સમાજને દર વર્ષે સારી મોટી રકમ આપી મદદ કરનાર વ્યક્તિને પણ 'સન્માનપત્ર' આપવું જોઈએ.

૧૧. લોકશાહીમાં સરકારમાં કરેલી રજૂઆતો સંખ્યાબળને ધ્યાનમાં લઈને જ સરકાર વિચારે છે જેથી રાજકારણમાં જવું હોય તેને સંખ્યાનું પીઠબળ મળી રહે તેમ કરવું પડે.

આ બધી પ્રક્રિયાઓ દર બે વર્ષે કરવી જોઈએ જેથી સમાજ માહિતગાર થઈ શકે.

અંતમાં મારા સૂચનો આપણા સમાજને યોગ્ય લાગે તો સુધારા વધારા સાથે અમલ કરવા વિનંતી કરું છું.

આજના સમારંભમાં મને આપ સૌએ સાંભળ્યો અને કંઈ અયોગ્ય સૂચન થયું હોય તો દર ગુજર કરવા વિનંતી કરું છું.

એજ અભ્યર્થના, જય હિંદ.

બિહારીલાલ એન. જોશી, ગોધરા
(પ્રમુખ, ગૃહ નાનું તડ, ગોધરા)

# સમાચાર સંચય

- શ્રી અસીત પ્રિયદર્શન શુક્લના પુત્ર ચિ. દીર્ધને ચરોત્તર યુનિ. તરફથી ઈલે. એન્ડ કમ્પ્યુ. એન્જિ.માં ગોલ્ડમેડલ એનાયત થયેલ છે. અભિનંદન !



Mudra Kamalbabu Joshi

- Mudra has worked in film MONALISA. For the film she has won Gujarati iconic film award as outstanding performer of the year. This year she received scholarship from school to attend a conference in Oxford university London she won best deligate award in Oxford. This year she received scholarship from school to attend a conference in Oxford University, LONDON. Congratulation.



- શ્રીમતિ જયશ્રી અને શ્રી રાજકુમાર બી શુક્લ તરફથી તા. ૩૧.૦૧.૧૮ ના રોજ, તેઓની ૨૮મી લગ્નતિથી ના અભિનંદન. આ નિમિત્તે શ્રી રાજકુમાર તરફથી રૂ. ૫૦૧/- જાગૃતિ નિભાવ ફંડમા ભેટ મળેલ છે.
- અમદાવાદ રહેવાસી ખૂશબૂ દિવાકર શક્લ ને સમસ્ત બ્રહ્મ પરીવાર ટ્રસ્ટ દ્વારા તા.11/3/18ને રવિવારે અમદાવાદમાં યોજાયેલ ઍવૉડ સમારોહ મા તેણે મેળવેલ સાંસ્કૃતિક સિધ્ધિ ઓ બદલ એવૉર્ડ આપી સન્માનીત કરવામાં આવેલ છે. અભિનંદન.
- હર્ષિલ દિગીશ દવે, (ઉપપ્રમુખશ્રીના પૌત્ર) સાયન્સ ગોલ્ડમેડેલ. અભિનંદન
- શ્રી નિરવભાઈ પ્રવિણચંદ્ર દવેની કંપની કેશલ કન્સલટન્સી ઈન્ડિયયન ૫૦૦૦ વૅસ્ટ એમ.એસ.એમ.ઈ. ઍવોર્ડ માટે નોમીનેટ થઈ. અભિનંદન.
- શ્રી હેતલ શુક્લ(કારોબારી સભ્ય)ને ભોપાલ ખાતે જાન્યુઆરી ૨૭-૨૮ રાષ્ટ્રીય પરિસંવાદમાં વિષય નિષ્ણાંત તરીકે આમંત્રણ આપ્યું જેમાં ૫૦૦થી વધારે ડૉક્ટર્સ હાજર રહ્યા હતા.
- આપણી જ્ઞાતિના જાણીતા અને GSKF Urocare ના ડિરેક્ટર ડૉ.કેતન શુક્લ અને ડૉ. રિદ્ધિ શુક્લ ના પ્રયત્નો અને સહકારથી ૩જી Mobile Lithotripsy Vanનું ઉપમુખ્યમંત્રી શ્રી નિતીનભાઇ પટેલના હસ્તે તા. 30-01-2018 ના દિવસે સૌરાષ્ટ્ર વિસ્તાર માટે સેવામાં મુકાઈ.



- ડૉ. અતુલ સુર્યકાન્ત પંડ્યા, જે હાલ પ્રેસિડન્ટ-એચ. આર. તરીકે અમદાવાદની પ્રતિષ્ઠિત ઈન્ટરનેશનલ સંસ્થામાં કાર્યરત છે, તેમને તેમના ઈન્ડિયન કોર્પોરેટ્સ માં લીડરશીપ ડેવલપમેન્ટ અને ઓર્ગેનાઈઝેશનલ ટ્રાન્સફોર્મેશનમાં યોગદાન બદલ, પ્રતિષ્ઠિત ન્યૂઝ ચેનલ, એ.બી.પી. ન્યુઝ દ્વારા, વર્ષ ૨૦૧૭ માટે, હોટલ તાજ, મુંબઈ ખાતે "ધી મોસ્ટ ઈન્સ્પીરેશનલ લીડર" નો એવોર્ડ આપવામાં આવ્યો.



- Being Honoured With Medal ,Shield. Rudraksh Mala and Shawl at Global Occult Science Summet 2018

## કુર્યાત્ બટોંમંગલમ્

- શ્રીમતી ઉષાબેન અને શ્રી દિપકકુમાર ઠાકોરલાલ દવે(હાલ અમદાવાદ)ના સુપુત્ર ચિ. આર્યને તા. ૨૧-૦૨-૧૮ ના દિવસે યજ્ઞોપવિત સંસ્કાર આપવામાં આવ્યા.
- શ્રીમતી જીગીષાબેન અને શ્રી દિવ્યેશભાઇ નરેન્દ્રપ્રસાદ દવે (કાંકણપુર, હાલ અમદાવાદ)ના સુપુત્ર ચિ.રૂદ્ર ને તા. ૨૧-૦૨૧૮ ના દિવસે યજ્ઞોપવિત સંસ્કાર આપવામાં આવ્યા.
- શ્રીમતિ પૂર્વી અને શ્રી પિંકલ પ્રવિણચંદ્ર દવે(કાંકણપુર/શહેરા/ વડોદરા)ના સુપુત્રો ચિ.દેવર્ષિ તથા ચિ.દર્શ ને તા.૨૮-૦૧-૨૦૧૮ ના દિને યજ્ઞોપવિત સંસ્કાર આપવામાં આવ્યા. શુભાશિષ.

## કુર્યાત્ સદામંગલમ્

- શ્રીમતિ જયોતિબેન અને શ્રી ભાગવતપ્રસાદ શુક્લ(ગોધરા/ અમદાવાદ) ની સુપુત્રી ચિ. વ્યોમા એ શ્રીમતિ અજીતાબેન અને શ્રી અજીતકુમાર છોટાલાલ પાઠક (મધવાસ/ અમદાવાદ)ના સુપુત્ર ચિ. અભિષેક સાથે તા. ૨૨-૦૧-૨૦૧૮ ના શુભદિને પ્રભુતામાં પગલાં પાડ્યા. શુભાશિષ.
- શ્રીમતી સ્મૃતિબેન અને શ્રી કૌશિકકુમાર નવીનચંદ્ર ભટ્ટ, ગાંધીનગરના સુપુત્ર ચિ. ધ્રુવએ તા. ૦૫-૦૨-૨૦૧૮ના રોજ શ્રીમતી નીલાબેન અને શ્રી મુકેશભાઇ નવનીતભાઈ જોષી, આણંદ ની સુપુત્રી ચિ. આનલ સાથે પ્રભુતામાં પગલાં પાડ્યાં.
- શ્રીમતી ગીતાબેન અને શ્રી કિરીટભાઈ ગજેન્દ્રપ્રસાદ જોષી, ભરૂચ ના સુપુત્ર ચિ. નિસર્ગ એ તા.૧૯-૦૨-૨૦૧૮ના રોજ શ્રીમતી પલ્લવીબેન અને શ્રી દિપકભાઈ રમણલાલ શુકલ, જુનાગઢ ની સુપુત્રી ચિ સુચિતા સાથે પ્રભુતામાં પગલાં પાડ્યાં.
- શ્રીમતી લીનાબેન અને શ્રી ધ્રુવ જશવંતલાલ શુક્લ (દેવગઢબારિયા, હાલ અમદાવાદ) ના સુપુત્ર ચિ.કૃણાલે તા. ૧૮-૦૨-૧૮ ના દિવસે ચિ. ઉદીતા સાથે પ્રભુતામાં પગલાં પાડ્યા.
- શ્રીમતિ મેઘાવીબેન અને શ્રી મુકેશકુમાર ચંદુલાલ પાઠક(રાજુભાઇ) - મધવાસ / અમદાવાદ ની પુત્રી ચિ. મિત્રા એ તા. ૧૧-૧૨-૨૦૧૭ નારોજ પ્રભુતામાં પગલાં પાડ્યા.

---

## સ્વ. મુકુલરોય પ્રિયવદનરાય પંડ્યાને શ્રદ્ધાંજલિ



શ્રી શ્રીગોડ પ્રવાળીયા પ્રકાશ મંડળ, અમદાવાદ ના લાડીલા પ્રમુખ શ્રી મુકુલરોય પ્રિયવદનરાય પંડ્યા નું તા.૨/૩/૨૦૧૮ના રોજ દુ:ખદ અવસાન થયેલ છે. તેમણે કરેલ જ્ઞાતી ઉત્કર્ષ માટેના કાર્યો, જ્ઞાતિને સતત ૧૭ વર્ષ સુધી તંત્રી તરીકે સેવા આપેલ છે. તેમણે પ્રમુખ પદ સંભાળ્યા પછી જ જ્ઞાતિજનોનો ઉત્સાહ ખુબ જ વધી ગયો હતો. પ્રમુખ તરીકે ની તેમની ચાહના અદ્વિતીય હતી. તેમણે ચાર વર્ષ માં જ્ઞાતિમાં એકતા/ લાગણી જાળવી રાખી હતી. તેમણે નવું "જ્ઞાતિ ઉત્કર્ષ ફંડ" ચાલુ કર્યુ. આવા પરગજુ સ્વભાવવાળા પ્રમુખ ને જ્ઞાતિજનો કેવી રીતે ભૂલી શકશે? જ્ઞાતિને એક નિષ્ઠાવાન પ્રગતિશીલ વિચારસરણી ધરાવતા પ્રમુખની ખોટ સાલશે. શ્રી મહાલક્ષ્મી માતાજી તેમના આત્મા ને શાશ્વત શાંતિ અર્પે તેવી અંત:કરણથી પ્રાર્થના. ઓમ શાંતિ!!!

# મંગલ મંદિર ખોલો દયામય....

(૧) સ્વ. રાજેન્દ્રભાઈ કિશોરભાઈ પંડ્યા (સાડત્રીસ પક્ષ) (સીમરડા-પેટલાદ), તા.૧૪-૦૧-૨૦૧૮ના રોજ સ્વર્ગવાસ થયેલ છે.

(૨) સ્વ. હંસાબેન જયકૃષ્ણ પંડ્યા (સાડત્રીસ પક્ષ) અમદાવાદનું તા. ૦૮-૦૧-૨૦૧૮ના રોજ સ્વર્ગવાસ થયેલ છે.

(૩) સ્વ. કમલેશભાઈ રમેશભાઈ દવે (કાંકણપુર-ગોધરા)નું તા.૧૪-૦૨-૨૦૧૮ના રોજ સ્વર્ગવાસ થયેલ છે.

(૪) સ્વ. વિણાબેન નરહરીપ્રસાદ શુક્લ, ગોધરા (૫) સ્વ. છાયાબેન આર. દવે, ગોધરા, કાંકણપુર

(૬) સ્વ. મુકુલરાય પ્રિયવદનભાઈ પંડ્યા, પૂર્વપ્રમુખ, પ્રવાળીયા પક્ષ, અમદાવાદ


(૭) સ્વ. હરીશચંદ્ર નાગજીભાઈ પંડ્યા, અમદાવાદ (૮) સ્વ. મંજુલાબેન મનુપ્રસાદ પાઠક, જુના ગોરાડા

(૯) સ્વ. વિનયચંદ્ર જમીયતરામ પાઠક, શહેરા (૧૦) સ્વ. હિરાબેન પી. પંડ્યા, મુંબઈ

(૧૧) સ્વ. અજીતકુમાર પ્રભાશંકર ભટ્ટ, થાણા (૧૨) સ્વ. સુભદ્રાબેન પ્રાણશંકર ભટ્ટ

પ્રભુ સદ્‌ગત આત્માઓને શાશ્વત શાંતિ અર્પે તેવી પ્રાર્થના.

---



સ્વ. હરીહર બાલાશંકર ઉપાધ્યાય (જાંબુગોરલ/કાંકણપુર)નું દુઃખદ અવસાન તા. ૨૦-૦૧-૨૦૧૮ના રોજ થયેલ છે. સદ્‌ગતની જન્મ તારીખ ૦૧-૦૮-૧૯૨૬ હતી. સ્વ. મધુકાન્તાબેન હરિહરભાઈ ઉપાધ્યાય (જાંબુગોરલ/કાંકણપુર) નું અવસાન તા. ૨૫-૦૯-૧૯૭૬ના રોજ થયેલ છે. તેમના સ્મરણાર્થે રૂ. ૧૦૦૧/-નું યોગદાન સમસ્થ શ્રીગૌડ સમાજ જાગૃતિને કૃષ્ણકાંતભાઈ (અમદાવાદ), મહેશભાઈ (મુંબઈ) અને નીતનભાઈ (અમદાવાદ) તરથી પ્રાપ્ત થયેલ છે.

---

## શ્રદ્ધાસુમન (જાન્યુઆરી -ફેબ્રુઆરી)

સ્વ. રમાબેન કે. પંડ્યા (૨૧-૦૧-૧૯૮૩)
સ્વ. ગૌરીશંકર જે. દવે (૧૦-૦૧-૧૯૬૫)
સ્વ. નરોત્તમ ચંદ્રેશ્વર દવે (૦૪-૦૧-૧૯૫૩)
સ્વ. જયંતિલાલ પૂર્ણાનંદ દવે (૨૦-૦૧-૧૯૯૦)
સ્વ. વિશ્વનાથ નર્મદાશંકર દવે (૦૬-૦૧-૧૯૯૭)
સ્વ. રાજીવ કૃષ્ણકાંત દેસાઈ (૧૪-૦૧-૧૯૯૦)
સ્વ. શીવપ્રસાદ ગણપતરામ દવે (૦૩-૦૧-૧૯૮૩)
સ્વ. હરિપ્રસાદ કેશવલાલ પંડ્યા (૨૦-૦૧-૧૯૮૪)
સ્વ. ધર્મેન્દ્ર ઉચ્છંગરાય જોષી (૧૪-૦૧-૧૯૮૨)
સ્વ. ભૂપેન્દ્ર એન. જોષી (૧૪-૦૧-૨૦૦૫)

સ્વ. અલ્પાબેન કિરણકુમાર દવે (૧૭-૦૧-૨૦૦૫)
સ્વ. ગદાધરભાઈ જે. સેવક (૦૫-૦૨-૧૯૮૯)
સ્વ. મેનાબેન એ. પુરોહિત (૨૫-૦૨-૧૯૯૬)
સ્વ. સવિતાલક્ષ્મી ચંદ્રકાંત પંડ્યા (૦૬-૦૨-૧૯૫૨)
સ્વ. જગદીશચંદ્ર છોટાલાલ જોષી (૨૧-૦૨-૨૦૦૫)
સ્વ. નરેન્દ્રપ્રસાદ રેવાશંકર દવે (૦૭-૦૨-૨૦૦૫)
સ્વ. મહેન્દ્રપ્રસાદ જેઠાલાલ શુક્લ (૧૧-૦૨-૨૦૦૫)
સ્વ. હસુમતીબેન અરવિંદભાઈ ત્રિવેદી (૧૬-૦૨-૧૯૯૬)
સ્વ. અંબાલાલ ભુલેશ્વર જોષી (૦૧-૦૨-૧૯૭૭)
સ્વ. હરિશંકર દેવશંકર જોષી (૨૫-૦૨-૧૯૮૬)
સ્વ. ભાનુબેન શીવપ્રસાદ દવે (૦૭-૦૨-૧૯૮૬)

# સમસ્ત શ્રીગૌડ સમાજના આજીવન સભ્યોની યાદી (ક્રમશઃ)

| ક્રમ | નામ | ગામ | રકમ | રસીદ નં. |
|---|---|---|---|---|
| ૧. | પ્રમુખ, મુંબઈ શ્રીગૌડ સમાજ | | | |
| | હસ્તે શ્રી વિનયભાઈ પાઠક | મુંબઈ | ૫૦૦ | ૯૧૪ |
| ૨. | શ્રીગૌડ પ્રવાળીયા વિકાસ મંડળ | અમદાવાદ | ૫૦૧ | ૯૧૫ |
| | હસ્તે મયુરભાઈ જોષી | | | |
| ૩. | પ્રમુખ, સમસ્ત શ્રીગૌડ સમાજ ખંભાત | | | |
| | હસ્તે કમલેશભાઈ આઈ. જોષી | ખંભાત | ૫૦૦ | ૯૧૬ |
| ૪. | ભાવિન હરિહરભાઈ ભટ્ટ | ખંભાત | ૫૦૦ | ૯૧૭ |
| ૫. | મહાલક્ષ્મી મેડીકલ એજ્યુકેશન ટ્રસ્ટ, કાલોલ | | ૫૦૦ | ૯૧૮ |
| | હસ્તે ભાનુભાઈ પંડ્યા | સાવલી | | |
| ૬. | પ્રમુખ, નૂતન શ્રીગૌડ સમાજ, લુણાવાડા | | | |
| | જનકભાઈ એચ. પાઠક | લુણાવાડ | ૫૦૦ | ૯૧૯ |
| ૭. | ભારતભૂષણ સી. દવે | આણંદ | ૫૦૦ | ૯૨૦ |
| ૮. | શ્રી બસોગામ સમસ્ત શ્રીગૌડ મંડળ | વડોદરા | ૫૦૦ | ૯૨૨ |
| | હસ્તે રજનીભાઈ જોશી, પ્રમુખ | | | |
| ૯. | શ્રીગૌડ અભ્યુદય કેળવણી મંડળ | વડોદરા | ૫૦૧ | ૯૨૩ |
| | મેનેજિંગ ટ્રસ્ટી, મહેશભાઈ પંડ્યા | | | |
| ૧૦. | શ્રીગૌડ મિત્ર મંડળ, પ્રમુખ | વડોદરા | ૫૦૦ | ૯૨૬ |
| ૧૧. | નવા શ્રીગૌડ જ્ઞાતિપંચ, | | | |
| | હસ્તે કિરણ શુક્લ | | ૫૦૦ | ૯૨૭ |
| ૧૨. | ઉમંગ કાંતીલાલ પુરોહિત | અમદાવાદ | ૩૦૦ | ૯૩૨ |
| ૧૩. | અલ્પેશ એન. પાઠક | શહેરા | ૨૦૦ | ૯૩૩ |
| ૧૪. | અશોક જયંતિલાલ શુક્લ | હાલોલ | ૨૦૧ | ૯૩૪ |
| ૧૫. | નિતિન બીપીનભાઈ પાઠક | શહેરા | ૩૦૦ | ૯૩૫ |
| ૧૬. | ચંદ્રકાન્ત બી. પુરોહિત | ભાવનગર | ૨૦૦ | ૯૩૬ |
| ૧૭. | યજ્ઞેશ નરેન્દ્રભાઈ ભટ્ટ | લુણાવાડા | ૩૦૦ | ૮૬૫ |
| ૧૮. | રમેશભાઈ ચંદુલાલ પાઠક | હાલોલ | ૩૦૦ | ૮૬૬ |
| ૧૯. | નિખીલ સનતભાઈ શુક્લ | અમદાવાદ | ૩૦૦ | ૮૬૭ |
| ૨૦. | રોહિત ઈન્દ્રવદન પાઠક | ગાંધીનગર | ૨૦૦ | ૮૬૮ |
| ૨૧. | મહેન્દ્ર નાગેશ્વર શુક્લ | ગોધરા | ૩૦૦ | ૮૬૯ |
| ૨૨. | યોગેશ જયંતિલાલ શુક્લ | ગોધરા | ૩૦૦ | ૮૭૦ |
| ૨૩. | અર્ચના ગુંજન જોષી | ગાંધીનગર | ૧૦૦ | ૮૭૧ |
| ૨૪. | હાર્દિક દિલીપભાઈ પાઠક | અમદાવાદ | ૩૦૦ | ૮૬૦ |
| ૨૫. | નયન હરેન્દ્રભાઈ પંડ્યા | વડોદરા | ૩૦૦ | ૮૭૫ |
| ૨૬. | શ્રી પાંચગામ શ્રીગૌડ સમાજ | મહુધા | ૫૦૦ | ૯૪૫ |
| ૨૭. | શ્રી તેરગામ શ્રીગૌડ સમાજ | કાવિઠા | ૫૦૦ | ૯૩૭ |
| ૨૮. | રાજેશ હસમુખભાઈ પાઠક | ખંભાત | ૩૦૦ | ૮૭૮ |
| ૨૯. | યોગેશ નર્મદાશંકર દવે | ખંભાત | ૩૦૦ | ૮૭૯ |
| ૩૦. | યોગેશ શીવશંકર શાસ્ત્રી | ખંભાત | ૩૦૦ | ૮૮૦ |
| ૩૧. | કૈવલ્ય પ્રભાશંકર પાઠક | ખંભાત | ૩૦૦ | ૮૮૧ |
| ૩૨. | હરીશભાઈ એમ. રાજગોર | ખંભાત | ૩૦૦ | ૮૮૨ |
| ૩૩. | નિલેશ રાધેશ્યામ પંડ્યા | ખંભાત | ૩૦૦ | ૮૮૩ |
| ૩૪. | પ્રિતેશ રમેશભાઈ જોષી | ખંભાત | ૩૦૦ | ૮૮૪ |
| ૩૫. | રિતેશ જયેન્દ્રભાઈ જોષી | ખંભાત | ૩૦૦ | ૮૮૫ |
| ૩૬. | કૃષ્ણકાંત જમનાશંકર જોષી | ખંભાત | ૩૦૦ | ૮૮૬ |
| ૩૭. | પ્રવિણકુમાર નટવરલાલ મહેતા | ખંભાત | ૩૦૦ | ૮૮૭ |
| ૩૮. | જવાહરભાઈ નટવરલાલ ભટ્ટ | ખંભાત | ૩૦૦ | ૮૮૮ |
| ૩૯. | બટુકભાઈ હિંમતરામ જોષી | ખંભાત | ૩૦૦ | ૮૮૯ |
| ૪૦. | માર્કંડભાઈ શૈલેષકુમાર પાઠક | ખંભાત | ૩૦૦ | ૮૯૦ |
| ૪૧. | જયપ્રકાશ એસ. ત્રિવેદી | ખંભાત | ૩૦૦ | ૮૯૧ |
| ૪૨. | ગૌરવભાઈ કિશોરભાઈ શુક્લ | ખંભાત | ૩૦૦ | ૮૯૨ |
| ૪૩. | ચિરાગ જયપ્રકાશ પંડ્યા | ખંભાત | ૩૦૦ | ૮૯૩ |
| ૪૪. | વિપુલ જટાશંકર જોષી | વડોદરા | ૩૦૦ | ૮૯૪ |
| ૪૫. | ઠાકોરલાલ અમૃતલાલ શાસ્ત્રી | વડોદરા | ૩૦૦ | ૮૯૫ |
| ૪૬. | જયંતકુમાર મણીશંકર જોષી | કાલોલ | ૩૦૦ | ૮૯૬ |
| ૪૭. | ચંદ્રેશ સુરેન્દ્રભાઈ ભટ્ટ | અમદાવાદ | ૩૦૦ | ૯૪૬ |
| ૪૮. | ડૉ. પાર્થ ચંદ્રેશભાઈ ભટ્ટ | અમદાવાદ | ૩૦૦ | ૯૪૭ |
| ૪૯. | ધવલ ચંદ્રેશભાઈ ભટ્ટ | અમદાવાદ | ૩૦૦ | ૯૪૮ |
| ૫૦. | નિખિલ જગદીશચંદ્ર ભટ્ટ | ખંભાત | ૩૦૦ | ૮૭૬ |
| ૫૧. | મિતેષ આર. શાસ્ત્રી | ખંભાત | ૩૦૦ | ૮૭૭ |
| ૫૨. | શ્રી દુબે | શહેરા | ૩૦૦ | ૮૯૭ |
| ૫૩. | ગૌરવકુમાર કૌશીકકુમાર જોષી | શહેરા | ૩૦૦ | ૮૯૮ |
| ૫૪. | કુતલ હરેન્દ્ર પંડ્યા | વડોદરા | ૩૦૦ | ૮૭૪ |
| ૫૫. | પ્રમુખ સમસ્ત શ્રીગૌડ સમાજ, વડોદરા | | ૩૦૦ | ૯૨૧ |
| | હસ્તે બિપિન જયંતિલાલ પુરોહીત | | | |
| ૫૬. | નિલકંઠ હર્ષવધનભાઈ ભટ્ટ | ખંભાત | ૩૦૦ | ૧૦૯૫ |
| ૫૭. | મયુર કાંતિલાલ શુક્લ | ખંભાત | ૩૦૦ | ૧૦૯૬ |
| ૫૮. | હેમલત્તાબેન મનહરભાઈ દવે | ગોધરા | ૨૦૦ | ૧૦૫૪ |
| ૫૯. | શંકર મનહરપ્રસાદ દવે | અમદાવાદ | ૩૦૦ | ૧૦૫૫ |
| ૬૦. | યોગેશ મધુસુદન ઉપાધ્યાય | અમદાવાદ | ૩૦૦ | ૧૦૫૬ |
| ૬૧. | સમીર પ્રવિણકુમાર દવે | કાંકણપુર | ૨૦૦ | ૧૦૫૭ |
| ૬૨. | દેવેશ સુભાષભાઈ શાસ્ત્રી | અમદાવાદ | ૩૦૦ | ૧૦૫૮ |
| ૬૩. | સંજય બાબુલાલ દવે | અમદાવાદ | ૨૦૦ | ૧૦૫૯ |
| ૬૪. | સુશીલાબેન મહેન્દ્રભાઈ દવે | અમદાવાદ | ૨૦૦ | ૧૦૬૦ |
| ૬૫. | રક્ષીતા બંકીમભાઈ સુક્લ | મુંબઈ | ૨૦૦ | ૧૦૬૧ |
| ૬૬. | જયેશ જયંતિલાલ શુક્લ | અમદાવાદ | ૩૦૦ | ૧૦૬૨ |
| ૬૭. | બંકીમ ધનંજય શુક્લ | અમદાવાદ | ૩૦૦ | ૧૦૬૩ |
| ૬૮. | સંદીપ પ્રમોદરાય પાઠક | વડોદરા | ૩૦૦ | ૧૦૬૪ |
| ૬૯. | નિખીલ વસંતરાય દવે | અમદાવાદ | ૨૦૦ | ૧૦૬૫ |
| ૭૦. | ભાસ્કર વિનયકાંત પુરોહિત | અમદાવાદ | ૩૦૦ | ૧૦૬૬ |
| ૭૧. | કૃણાલ હેમંતભાઈ શુક્લ | અમદાવાદ | ૩૦૦ | ૧૦૬૭ |
| ૭૨. | અદિતિ હેમંતભાઈ શુક્લ | અમદાવાદ | ૩૦૦ | ૧૦૬૮ |
| ૭૩. | સમિત યોગેશભાઈ જોષી | બાયડ | ૩૦૦ | ૧૦૬૯ |
| ૭૪. | રમેશચંદ્ર છોટાલાલ દવે | લુણાવાડા | ૩૦૦ | ૧૦૭૦ |
| ૭૫. | અતુલકુમાર વિનયકાંત પુરોહિત | બાયડ | ૩૦૦ | ૧૦૭૧ |
| ૭૬. | કમલેશ નવિનચંદ્ર પુરોહિત | બાયડ | ૩૦૦ | ૧૦૭૨ |
| ૭૭. | સમીર હરેન્દ્રભાઈ પુરોહિત | વાવોલ | ૩૦૦ | ૧૦૭૩ |
| ૭૮. | જીતેન્દ્ર ભાનુપ્રસાદ પાઠક | બાયડ | ૩૦૦ | ૧૦૭૪ |
| ૭૯. | કૌશિક કરૂણાશંકર ભટ્ટ | મુંબઈ | ૩૦૦ | ૧૦૭૫ |
| ૮૦. | નીષીથભાઈ ભટ્ટ | અમદાવાદ | ૩૦૦ | ૧૦૮૧ |
| ૮૧. | હસુમતીબેન સુભાષભાઈ દવે | લુણાવાડા | ૩૦૦ | ૧૦૭૪ |
| ૮૨. | જયેશભાઈ જીવણલાલ વ્યાસ | કાવિઠા | ૩૦૦ | ૧૦૯૧ |
| ૮૩. | મૈત્રી જયેશભાઈ વ્યાસ | કાવિઠા | ૩૦૦ | ૧૦૯૨ |
| ૮૪. | અર્પિતકુમાર મનહરલાલ પંડ્યા | વડોદરા | ૩૦૦ | ૧૦૯૦ |
| ૮૫. | હરિકૃષ્ણ એન. પંડ્યા | અમદાવાદ | ૩૦૦ | ૮૬૧ |
| ૮૬. | પ્રશાંત હરિકૃષ્ણ પંડ્યા | અમદાવાદ | ૩૦૦ | ૮૬૨ |
| ૮૭. | ખુશ્બુ પ્રશાંત પંડ્યા | અમદાવાદ | ૩૦૦ | ૮૬૩ |

# ગહના કર્મણો ગતિઃ

-પ્રિ.ડૉ. બંસીધર ઉપાધ્યાય

કર્મની ગતિ ગહન છે 'પૂર્વ જન્મકૃતં કર્મ તદ્દૈવમિતિ કથ્યતે' પૂર્વ જન્મમાં કરેલ કર્મ બીજા જન્મનું દૈવ એટલે ભાગ્ય બને છે. જેને સમજવા માટે દૈવમ ગહતં ગતિઃ એ પ્રચલિત લોકવાયકા રોમાંચ જન્માવે છે.

પંડીત યજ્ઞદત્તશાસ્ત્રી મહાન વિદ્વાન હતા. સદ્ભાગ્યે તેમના પત્ની સાવિત્રીદેવી પણ મહાન વિદુષી હતાં. ભક્તિ નૌકામાં બેસી સંસાર સાગરને પાર કરવા સતત પ્રયત્નશીલ હતા. પંડીતજી નિત્ય પોતાના ષકર્મથી પરવારી સ્વાધ્યાય કરતા દૈવની ગહન ગતિ ઉપર ઘણો જ વિચાર કરતા અનેક અર્થોમાં તેનું સંશોધન કરવા છતાં સંતોષ મેળવી શક્તા ન હતા. હતી એ શરદ પૂર્ણિમાની ધવલ રાત્રી વ્યોમમાં રાકેશ સંપૂર્ણ કલાઓથી ખીલી અવની ઉફર ચાંદની વેરી રહ્યો હતો. પૃથ્વી પરના સમસ્ત જીવનો અલ્હાદિત કરનાર એ યામિની પતિ ચંદ્ર સામે બન્ને પતિ-પત્ની અનિમેષ નયને નિરખી રહ્યાં તે ટાણે યજ્ઞદત્ત શાસ્ત્રીએ પોતાના પત્નિ સાવિત્રી દેવીને કંઈક વિનમ્રતાપૂર્વક કહ્યું દેવી ! અનેક શાસ્ત્રો નો ભાવાર્થ સમજી શક્તો હોવા છતાં દૈવની કર્મની ગહઃ ગતિ વિષે મને કંઈ સમજાતું નથી માટે તે વિષે તમે મને કંઈ પ્રકાશ આપો તો થાકેલા મનને વિશ્રામ મળે. સાવિત્રી દેવી શાસ્ત્રોના સારને પૂર્ણ જાણતા હોવા છતાં પોતાના પતિથી વધારે જ્ઞાતા છે એવી સૂક્ષ્મપણ અહંકારની ભાવના ન જન્મે અને સ્વામીને પ્રત્યક્ષ અનુભવ મળે એ હેતુથી વિનય પૂર્વક બોલ્યા સ્વામિનાથ આપના પ્રશ્નનો અર્થ હું સારી રીતે સમજું છું. પણ આપને સચોટ અથવા પ્રત્યક્ષ સમજાવવા માટે હું સમર્થ નથી. કિંતુ નિરાશ થવાની જરૂર નથી. અહીંથી બાર યોજન દૂર તારાપુર ગામમાં મારી બહેન સરસ્વતી નામની મહાવિદુષી છે તે તમને આ પ્રશ્ન જ સરળતાથી સમજાવશે. શરદ પૂર્ણિમાની રાત્રી પ્રભુસ્મરણ કરતાં પૂર્ણ થઈ કેટલાક દિવસો બાદ એક સવારે યજ્ઞદત્તશાસ્ત્રી તારાપુર જવા તૈયાર થયા. સાવિત્રી દેવીએ દૂધથી બનાવેલું ભાથું આપ્યું અને વહેલા પરત પધારવા વિનંતી કરી પ્રણામ કર્યા. માર્ગમાં અનેક સ્થળોએ વિશ્રાંતિ લેતા ચોથા દિવસની ઉષાનું રાજ અવની ઉપર પ્રસરી રહ્યું હતું તે સમયે તારાપુરના પ્રાંગણામાં પ્રવેશ કર્યો. ગામથી બહાર એક જ મોટો મીઠા પાણીનો કુવો હતો. આખાય ગામના લોકો આજ કુવાનું પાણી પીતા નજીકમાં સુદંર તળાવ હતું. પંડીતજી શૌચ સ્નાનાદિ વંદનથી પરવારી ગામમાં પ્રવેશ કરવાની તૈયારીમાં હતા ત્યાં યાદ આવ્યું કે સરસ્વતીદેવીનું ઠેકાણું તેમના પતિનું નામ વગેરે માહિતીતો લાવવાનું ભૂલી ગયા હતા. જેથી કુવાની નજદીક ઉભા રહ્યા. ભિન્ન ભિન્ન જ્ઞાતિઓના બહેનોના ટોળાં પાણી સીંચીને જઈ રહ્યાં હતા તે સમયે સુંદર શણગારથી સજ્જ થયેલ બ્રાહ્મણ અને વણીક જ્ઞાતિની બેનો ગીતગોવિંદના ગાતી પનઘટનાં પગથીએ ચઢી નીર સીચવા લાગી. યજ્ઞદત્ત શાસ્ત્રીએ જોયું કે જલ ભરતી બહેનોમાંથી એકને સરસ્વતીદેવીનું ઠેકાણું પૂછું પરંતુ મર્યાદાના ભારથી નૈયનાં નિમેષ ઉચાં કરી સામેની વ્યક્તિમાં પરોવવા અસમર્થ રહ્યા. સામે પક્ષે પણ જલભરતી બહેનો પણ આ અજાણ્યા પંડિતને નિહાળી તેઓ કંઈ જાણવા માંગે છે એવી પ્રતિતી થવા છતાં તેઓ પૂછે નહીં ત્યાં સુધી આપણાથી કેમ બોલાય ? પરિણામે વારા પછીથી બધી બહેનો પાણીનાં બેડાં માથે મૂકી ચાલવા લાગી. એક જ બહેન વારંવાર યજ્ઞદત્ત શાસ્ત્રી સામે જોતી પાણી ભરી રહી હતી આખરે છેલ્લો ઘડો કુવામાંથી ખેંચ્યો માથે બેડું ચઢાવ્યું દોરડું વાળી ખભે નાખ્યું તે સમયે પંડિતને થયું કે હવે પૂછું પરંતુ નયનમાં નેત્ર પરોવતાં જ નેત્ર ઢળી ગયાં ન પૂછી શક્યા પનઘટના પગથીયાં પૂરા થયા બાદ ક્ષણીક યોગીને નવયૌવના બોલી અહો ! યજ્ઞદત્ત શાસ્ત્રી તમે આવ્યા છો ? (ક્રમશઃ)

ટ્રસ્ટ રજી. નં. ઈ–૭૨૮૩
AMC રજી.નં. PIEL ૪૧૬૨૩


॥ શ્રી ગણેશાય નમઃ ॥

ફોન : ૦૭૯–૨૬૬૦૪૧૩૪
મો. : ૯૮૭૯૯૭૯૪૧૩૪
૯૮૭૯૬૦૪૧૩૪

V.M.B.
Estd. 1995

વિધાતા એજ્યુકેશન ટ્રસ્ટ, અમદાવાદ સંચાલિત

# વિધાતા મેરેજ બ્યુરો



૧૯૯૫ થી અભણ, ઓછું ભણેલા, નોન ગ્રેજ્યુએટ, ડીગ્રીધારક, મેડીકલ,
એન્જિનિયરિંગના ઉચ્ચ શશિક્ષિત ભારતના, વિદેશના એન.આર.આઈ. માટેના જીવનસાથી પાત્રો
૧૦૦% ગેરંટીથી મેળવી આપનાર કમ્પ્યૂટરાઈઝ લગ્ન સંસ્થા

**અપરણિત છુટાછેડા વિધવા વિધુર સીનીયર સીટીઝન સફેદદાગ વિકલાંગ શારિરીક ક્ષતિ મુકબધિર પ્રજ્ઞાચક્ષુ એચ.આઈ.વી. એન.આર.આઈ. યુવક–યુવતિના લાયક અને યોગ્ય જીવનસાથી પાત્રોની આપની પસંદગી મુજબ ઈચ્છાનુસાર મેરેજ ન થાય ત્યાં સુદી કોન્ટેક્ટ કરાવી આપવામાં આવે છે.**

**૧૦, સેલર, વિજય કોમ્પલેક્ષ, વાસણા બસ સ્ટેન્ડ પાસે, વાસણા, અમદાવાદ-૩૮૦૦૦૭.**


**સમય : ૧૦ થી ૮, રવિવારે ૧૦ થી ૧, જાહેર રજાએ ચાલુ.**

Website : www.vidhatamarriage.com
Email : contact@vidhatamarriage.com

**હસમુખ જોષી**
M.A.,LL.B.
મેનેજિંગ ડાયરેક્ટર

લગ્ન સ્વર્ગમાંથી રચાય છે, તેમની જોડી 'વિધાતા' યોગ્ય સમયે મેળવી આપે છે,
તેમાં પુરૂષાર્થ થકી પ્રારબ્ધ ઘડવાની વિધાતા પણ છૂટ આપે છે.

**દિના જોષી**
M.A.,LL.B.
મેનેજર






**પ્રકાશક અને મુદ્રક :**
**સમસ્ત શ્રીગૌડ સમાજ ગુજરાત વતી**
**પ્રમુખશ્રી પ્રિ.ડો. બંસીધર એન. ઉપાધ્યાય**
સી-૨૧૨, દેવઓરમ, મારૂતિનંદન કાઠિયાવાડી હોટલની પાછળ,
આનંદનગર ચાર રસ્તા, પ્રહલાદનગર રોડ, અમદાવાદ
email ID : shrigaudjagruti@gmail.com
ફોન : ૦૭૯-૨૬૬૪૧૦૨૮, મોબાઈલ : ૯૮૨૪૪૦૬૩૮૧ (પ્રમુખશ્રી)
આજીવન સભ્ય ફી રૂ. ૨૦૧/- પતિ-પત્ની સાથે રૂ. ૩૦૧/-
પરદેશમાં રૂ. ૨૫૦૦/-


બુક–પોસ્ટ

પ્રતિ